# ટોરેન્ટ પાવર લીમીટેડ
# ગુજરાત વીજનીયમન પંચ સમક્ષ

**છઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫ સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨ ૩૫૫**

## જાહેર નોટીસ

૧ ટોરેન્ટ પાવર લીમીટેડ (હવે પછી તેનો ઉલ્લેખ "ટીપીએલ-જી (એપીપી)" તરીકે કરાયો છે) દ્વારા કેસ નંબર ૨૦૩૨/૨૦૨૧ હેઠળ અમદાવાદના વીજ ઉત્પાદન (જનરેશન) કારોબાર માટે નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના ટ્રુઇંગ અપ, નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના એઆરઆર નિર્ધારણ અને નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ના દર નિર્ધારણ માટેની અરજી દાખલ કરી છે.

૨ જીઇઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર નાંણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે ટ્રુઇંગ અપ વાસ્તવિક આંકડાઓ મુજબ સૂચીત કરવામાં આવેલ છે. આ અરજીમાં ટીપીએલ-જી (એપીપી)એ જીઇઆરસી (એમવાયટી) રેગ્યુલેશન, ૨૦૧૬ અનુસાર નાંણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે એઆરઆરના અંદાજો રજુ કરેલ છે.

**અરજીની નકલ પ્રાપ્ત કરવા માટેની જોગવાઇ:**

૩ નિરીક્ષણ માટે અરજીની નકલો જનરલ મેનેજર (ફાયનાન્સ), ટોરેન્ટ પાવર લીમીટેડ, નારણપુરા ઓફિસ, સોલા રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૩ અને જીએમ (સીએસ), ટોરેન્ટ પાવર લીમીટેડ, ટોરેન્ટ હાઉસ, સ્ટેશન રોડ, સુરત ૩૯૫૦૦૩ની ઓફિસ ખાતે ઉપલબ્ધ છે. વધુમાં, અરજીની નકલ રૂા. ૯૦/- રોકડેથી અથવા તો ટોરેન્ટ પાવર લીમીટેડની તરફેણના અને અમદાવાદ ખાતે ચૂકવી શકાય તેવા ડીમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડર દ્વારા ઉપરોક્ત સરનામેથી ખરીદી શકાશે. અરજીની નકલ ટપાલથી પ્રાપ્ત કરવા માટે, ટપાલ ખર્ચના રૂા. ૫૦/- (રૂપિયા પચાસ) વધુ ચૂકવવાના રહેશે.

૪ ઉપરોક્ત અરજીની ઇલેક્ટ્રોનીક નકલ વેબસાઇટ www.torrentpower.com નાં રેગ્યુલેટરી સેક્શન પરથી પણ મળી શકશે.

**પ્રતિભાવ રજુ કરવા માટેની માર્ગદર્શિકા:**

૫ આથી લાગુ પડતા નિયમો અનુસાર, જાહેર સૂચના આપવામાં આવે છે કે ઉપરોક્ત અરજી સામે જે કોઇપણ વ્યક્તિને પોતાના વાંધા / સૂચનો રજુ કરવામાં રસ હોય તેઓએ પોતે જેનો આધાર લેતા હોય તે દસ્તાવેજો સાથેની પોતાની અરજી પાંચ સેટમાં તેમજ તેના ટેકામાં આવશ્યક એફિડેવીટ સાથે, સેક્રેટરી, ગુજરાત વીજનીયમન પંચ, છઠો માળ, ગીફ્ટ વન, રોડ ૫ સી, ઝોન ૫, ગીફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨ ૩૫૫ ને તા. ૧૦મી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ કે તે પહેલા મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે અને તેની એક નકલ નીચે સહી કરનારને પણ મોકલવાની રહેશે.

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
''સમન્વય'', ૬૦૦, તપોવન,
આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૧૫
CIN: L31200GJ2004PLC044068
તા.: ૧૦મી ડિસેમ્બર, ૨૦૨૧

**ટોરેન્ટ પાવર લીમીટેડ**
સહી/-
**વાઇસ પ્રેસીડન્ટ (કોર્પોરેટ અફેર્સ)**